# શાળાના શિક્ષકોનું ૧૭મું જ્ઞાનસત્ર : તા.૨૬,૨૭ ઓક્ટોબર ૨૦૨૪

## વિષય : Effective Teaching & Effective Learning

શાળાના શિક્ષકો નવિન પ્રવાહોથી વાહેફ રહે, જ્ઞાનનું સતત આદાન-પ્રદાન થતુ રહે, શિક્ષણમાં નવું નવું સંશોધન અને ચિંતન થતુ રહે અને શિક્ષકો જ્ઞાનથી સમૃધ્ધ બની રહે તે હેતુસર દર વર્ષે શિક્ષકોનું જ્ઞાનસત્ર નિયમિત રીતે યોજાય છે.

આ વર્ષે તા. ૨૬,૨૭ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ "Effective Teaching & Effective Learning" વિષય પર શાળાના ૮૫ શિક્ષકોએ વિવિધ વિષયો પર PPT, નાટક, ગીત, વાર્તા, ડિબેટ, પ્રશ્નોતરી થકી પ્રેઝન્ટશન કર્યુ હતું. આ જ્ઞાનસત્રમા શિક્ષકોને ચાર ગૃપમાં વિભાજિત કરવામાં આવ્યાં હતાં.

ગૃપ નં.૧ - ધો. ૬ થી ૧૨ ગુજરાતી માધ્યમ ૨૩ શિક્ષકો
ગૃપ નં.૨ - ધો. ૬ થી ૧૨ અંગ્રેજી માધ્યમ ૨૩ શિક્ષકો
ગૃપ નં.૩ - ધો. ૧ થી ૫ અને પૂર્વ પ્રાથમિક અં.મા. ૧૯ શિક્ષકો
ગૃપ નં.૪ - ધો. ૧ થી ૫ અને પૂર્વ પ્રાથમિક ગુ.મા. ૧૯ શિક્ષકો



આ કાર્યક્રમના **મુખ્ય ઉદ્‌ઘાટક મા.શ્રી હર્ષદભાઇ શાહ (માતૃભાષા સંસ્થા, ઉપાધ્યક્ષ), મા. શ્રીમતી સ્વાતિબા રાઓલ (ભરૂચ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી), શ્રી અજિતભાઇ મકવાણા (A.E.I.), મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ (ચેરમેનશ્રી નારાયણ વિદ્યાલય, ભરૂચ), તથા મા.શ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ (ડાયરેકટરશ્રી નારાયણ વિદ્યાલય, ભરૂચ)** ના વરદ્‌હસ્તે કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ શિક્ષકોના પ્રેઝન્ટેશન નિહાળી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

**વિશેષ સેશનમાં મા.શ્રી ભરતભાઇ સલાટ (ભરૂચ તાલુકા શાસનાધિકારીશ્રી), મા.શ્રી અજયભાઇ મિશ્રા (વિ.હિ.પ.ગુ.વિ.મંત્રી), શ્રીમતી હિરલબેન ટંડેલ (IICL પ્રોજેક્ટ મેનેજર) વગેરે મહાનુભવો** તથા શાળાના મા.શ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ (ડાયરેક્ટરશ્રી), શ્રીમતી બિનીતાબેન ગોહિલ (આચાર્યા, ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.), શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય પૂર્વ પ્રાથમિક, ધો. ૧ થી ૮ ગુ.મા.), શ્રીમતી વિદ્યાબેન રાણા (આચાર્યા અં.મા.), શ્રીમતી ઉર્વશીબેન જાની (ઇન્ચાર્જ આચાર્યા, કોમર્સ વિભાગ) વગેરેએ કોમન સેશનમાં વિવિધ વિષયો પર પ્રેઝન્ટેશન આપ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત **મુખ્ય મહેમાનશ્રી હર્ષદભાઇ શાહે પ્રાસંગિક ઉદ્‌બોધન**માં ગુજરાતી ભાષાનું મહત્વ જણાવતા કહ્યું કે આપણે આપણી માતૃભાષામાં વાતચીત કરવી જોઇએ અને વ્યવહારમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ ટાળવો જોઇએ. તેમણે પુસ્તક વાંચન ઉપર પણ ભાર મૂકયો હતો. તેમણે જણાવ્યું કે શિક્ષકત્વની ઉપર શિક્ષક ધર્મ છે. આપણી નાની નાની વાતો આપણને પૂર્ણતા તરફ દોરી જાય છે. શબ્દો સંસ્કારની ઓળખ છે.



આ પ્રસંગે ઉપસ્થિત **મા. શ્રીમતી સ્વાતિબા રાઓલ (ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)** એ જ્ઞાનસત્રની સરાહના કરતા જણાવ્યું કે આ ખૂબ સુંદર આયોજન છે. નવિન પહેલ છે. શિક્ષકના વ્યવસાયને ઉજાગર કરતા કહ્યું કે શિક્ષક જે દિવસે વિદ્યાર્થી મટી જાય છે ત્યારે તે શિક્ષક પણ મટી જાય છે. શિક્ષક સતત શીખતો હોવો જોઇએ. તેમણે ૨૦૨૦ રાષ્ટ્રીય શિક્ષણનીતિની વાત કરતા જણાવ્યું કે બાળકને ભણાવવાના નથી જાતે ભણતા કરવાના છે. બાળક વર્ગખંડનો રાજા છે. તેને કુદરતના ખોળે લઇ જઇ જાતે વિચારવા દો, પ્રશ્નો ઉદ્‌ભવવા દો, પ્રશ્નો પૂછવા દો. અધ્યયન નિષ્પત્તિને વાંચો, તૈયાર કરો, પ્રવૃત્તિ કરાવો. મૂલ્ય શિક્ષણને કન્ટેન્ટનો ભાગ બનાવો. શિક્ષક તરીકેની ભૂમિકામાં હું પણુ છોડવાનું છે. અને બાળકની સાચી ઓળખ કરવાની છે.



સાંજના સેશનમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ સારા **સંગીતકાર, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શ્રી હિરેન દિહેણીયા**નું શાળા પરિવાર તરફથી સન્માન કરવામાં આવ્યુ હતું. સાથે તેમના દરેક કાર્યમાં સહભાગી બની પીઠબળ પૂરું પાડનાર તેમના ધર્મપત્ની **શ્રીમતી ઉષાબેન દિહેણીયા**ને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી હિરેન દિહેણીયાએ શાળાના સંસ્મરણોને વાગોળતા જણાવ્યું કે શાળાના ગુરૂજનોની હાજરીમાં જયારે મારું સન્માન થાય તે મારુ અહોભાગ્ય છે. તેમણે શિક્ષકોનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. સાંજનું સેશન સંગીતકાર શ્રી હિરેન દિહેણીયા તેમજ શાળા સંગીત શિક્ષક રાજ મોઇનના કર્ણપ્રિય મધુર અવાજના ગીતોથી ગુંજી ઉઠયું હતું.

**તા. ૨૭/૧૦/૨૪: રવિવાર : જ્ઞાનસત્રના બીજા દિવસના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રીમતી હિરલબેન ટંડેલ (IICL પ્રોજેક્ટ મેનેજર) જેમણે 'સાયબર સિક્યુરીટી' વિષય પર તથા મા.શ્રી ભરતભાઇ સલાટ (ભરૂચ જિલ્લા શાસનાધિકારીશ્રી) જેમણે 'નવી શિક્ષણનીતિ ૨૦૨૦' વિષય** પર સુંદર, ઊંડાણપૂર્વકની, રસપ્રદ માહિતી આપી હતી. ત્યારબાદ ક્રમાનુસાર બાકી રહેલ શિક્ષકોએ ગૃપમાં પોતાના વિષય અનુસંધાનમાં પ્રેઝન્ટેશન આપ્યા હતા.

બપોરે **જ્ઞાનસત્રના પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં મા.શ્રી અજયભાઇ મિશ્રા** (દ.ગુ.વિ.મંત્રી વિ.હિ.પ) તથા **પ.પૂજ્ય વંદનીય લોકેશાનંદજી મહારાજ તેમના શિષ્યગણ પિયુષભાઇ દેસાઇ, રાજેશભાઇ શાહ, તૃષારભાઇ ઠાકર, સ્નેહલ પ્રજાપતિ** સાથે ઉપસ્થિત રહ્યા હતા.

**મા.શ્રી અજયભાઇ મિશ્રાએ વિશ્વની સંસ્કૃતિઓમાં ભારતની સંસ્કૃતિ શ્રેષ્ઠ કઇ રીતે?** વિષય પર પોતાના વિચારો રજૂ કરતા ભારતીય સંસ્કૃતિને સર્વોતમ ગણાવી હતી અને તેનું સંરક્ષણ કરવાની ભલામણ કરી હતી.

**પ.પૂજ્ય વંદનીય સ્વામી લોકેશાનંદજી મહારાજે** માનવધર્મ, માનવકર્મ, માનવ કલ્યાણની વાત કરી હતી. સાથે શાળામાં પોઝીટીવ ઊર્જા હંમેશા છવાયેલી રહે, શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે અને સૌનુ કલ્યાણ થાય એવી ઉદાત ભાવના સાથે આર્શીવચનો પાઠવ્યાં હતાં.






શાળાનાં પૂર્વ પ્રાથમિક વિભાગમાં ફરજ બજાવતા એલિઝાબેન ક્રિસ્ટી વય મર્યાદાને કારણે ફરજમાંથી નિવૃત્ત થતાં હોય તેમના પરિવારનાં સદસ્યોની ઉપસ્થિતિમાં શાળા પરિવાર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમને સ્મૃતિભેટ અર્પણ કરી નિવૃત્તિકાળમાં તેઓ સ્વસ્થ રહે, આનંદમય જીવન વ્યતિત કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ વ્યકિતઓએ દીપ પ્રાગટ્ય થકી ઓમકાર મંત્ર સાથે શાંતિમય, સમૃધ્ધિમય જીવન માટે પ્રાર્થના કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

**નિર્ણાયકશ્રીઓ :**

**ગૃપ નં. ૧ : ધો. ૬ થી ૧૨ ગુ.મા. : શિક્ષકો : વંદનાબેન ભાભોર, કૌશિકભાઇ મિસ્ત્રી, શેફાલીબેન ઠાકર, કંચનબેન પરમાર**

**ગૃપ નં. ૨ : ધો. ૬ થી ૧૨ અં.મા. શિક્ષકો : ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ,યોગીનીબેન વસાવા, કવિતાબેન ગવહાને, સુરેશભાઇ પ્રજાપતિ**

**ગૃપ નં. ૩ : ધો. ૧ થી ૫ અને પૂર્વ પ્રા. અં.મા. : શિક્ષકો : હેમાક્ષીબેન મૈસુરિયા, મોઇનભાઇ રાજ, મોહિનીબેન નિરખે, રિધ્ધિબેન**

**ગૃપ નં. ૪ : ધો. ૧ થી ૫ અને પૂર્વ પ્રા. ગુ.મા. શિક્ષકો : મિલનબેન ઠકકર, સંધ્યાબેન પરમાર, ધૃતિબેન રાઠોડ, રૂપલબેન પટેલ**



❖ **શ્રીમતી હિરલબેન ટંડેલ (પ્રોજેકટ મેનેજર IICL, ભરૂચ) :** હાલમાં ટેક્નોલોજીનો યુગ ચાલી રહ્યો છે. આ યુગમાં આપણે પાસે ઘણી સુવિધાઓ ઊભી કરી છે. તેમાં પણ Artificial Intelligence (AI) નો યુગ છે. પરંતુ તેની સાથે-સાથે કેટલીક ચિંતાજન્ય બાબતો પણ સર્જાય રહી છે. ટેક્નોલોજીના ઉપયોગથી ઘણાં સાયબર ક્રાઇમ વધી રહ્યાં છે. જેના પરિણામે શિક્ષિત વર્ગ પણ છેતરાઇ રહ્યો છે. આવા સમયમાં આપણે તેમાંથી કેવી રીતે સાવધ રહી શકીએ?, સમાજ અને પરિવારને  આ બાબતોથી જાણકાર બનાવી શકીએ તે વિશે શ્રીમતી હિરલબેન ટંડેલે ખૂબ સારી માહિતી આપી હતી. સાથે-સાથે રોજ-બરોજ થતાં સાયબર ક્રાઇમ વિશેનાં જીવંત ઉદાહરણો પણ રજૂ કર્યા હતાં. તેમની સાથે તેમના કર્મચારી રુકસાર પટેલ પણ હાજર રહ્યાં હતાં.



❖ **મા.શ્રી ભરતભાઇ સલાટ (ભરૂચ જિલ્લા શાસનાધિકારીશ્રી) : વિષય : ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ :** ભારતની રાષ્ટ્રીય નીતિ ૨૦૨૦ જે ૨૯ જુલાઇ ૨૦૨૦ નાં રોજ ભારતની કેબિનેટ દ્વારા શરૂ કરવામાં આવી હતી. તે ભારતની નવી કેન્દ્રીય શિક્ષણ પ્રણાલીના વિઝનની રૂપરેખા દર્શાવે છે.

**જૂન ૨૦૧૭ માં ભૂતપૂર્વ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા** (ISRO) **ના વડા કૃષ્ણસ્વામી કસ્તૂરીરંગનની આગેવાની હેઠળ નેશનલ - ઇન્ટનેશનલ કક્ષાનાં ૧૧ વિદ્વાનોની પેનલ દ્વારા ડ્રાફટ,** NEP 2019 **માં સબમિટ કરવામાં આવ્યો હતો. ડ્રાફટ** NEP 484 **પાનાનો હતો.**

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માતૃભાષામાં ધો. ૫ સુધી શિક્ષણનાં માધ્યમ તરીકે રાખે છે.**

NEP ભારતની મૂળ જ્ઞાન ત્પરાઓ અને લોકોમાં પ્રેરણાદાયક "ભારતીયતા" નાં મહત્વ પર ભાર મૂકે છે.

દરેક શિક્ષણનીતિ પરથી રાષ્ટ્રીય માળખુ તૈયાર કરવામાં આવે છે. બાળકને વધુ હોમવર્ક આપવાનાં કારણે તે ચિડાય છે. ઉગ્ર બને છે. શિક્ષણશાસ્ત્રીઓને આપણે જે ભણાવીએ છે તેની પાછળ હેતુ કયો છે તે જાણવું જરૂરી છે. જે તે પાઠની અધ્યયન નિષ્પત્તિ શું હોવી જોઇએ? તે જાણવું જરૂરી છે.